જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૯/૮/૨૦૧૫ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૧૭૫૨/૧૫

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૪ કેસ કરી અને ૧૪ વ્યક્તિઓને ઝડપી ૭૧ લીટર દેશી દારૂ, ૫૫ બોટલ ઇંગ્લીશ દારૂ કબ્જે કર્યો હતો.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૭૫૩/૧૫

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૩૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## છેતરપીંડી :- સમાચાર યાદી નં.૧૭૫૪/૧૫

**દરીયાપુર :** મનોરમાબહેન વિદુરભાઇ ભગત (રહે.રૂપાપરી વણકરવાસ, દરીયાપુર) એ તા.૨૮/૮/૧૫ નારોજ દરીયાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૧૦/૨૦૧૧ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન (૧) પવનકુમાર (૨) પુજા શર્મા (૩) સોનીયા કપૂર (૪) મુકુલ આનંદ (૫) વિક્રમસિંગ નાઓએ ભેગામળી રિલાયન્સ લાઇફ ઇન્સ્યોરન્સ અને કોટક લાઇફ પોલીસી દિલ્હી તથા નોઇડા ખાતેથી મોબાઇલ ઉપર મનોરમાબહેનને ફોન કરી લોભામણી સ્કીમ બતાવી વિશ્વાસમાં લઇ, પોલીસી પેટેનાં કુલ રૂપિયા ૬૫,૭૦,૦૦૦/- તેમનાં ખાતામાંથી ઉપાડી લઇ, મનોરમાબહેન સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.એસ.સિંઘવ ચલાવે છે.

**સોલા હાઇકોર્ટ :** અનવરમહંમદ સાહીદ કુરેશી (રહે.મલહારન પ્લટન, રાજબાલા રોડ, ઇન્દોર, મધ્યપ્રદેશ) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૮/૧૫ નાં કલાક ૯/૩૦ વાગ્યાનાં સુમારે આરોપી (૧) ઓમપ્રકાશ (૨)રફીક (જે બંનેનાં નામ સરનામાની ખબર નથી) ભેગામળી ગુ.હા.બોર્ડ ગોતા નવી બનતી સાઇટ ઉપર લોખંડનાં સળીયાનો ભંગાર પેટે કુલ રૂપિયા ૯,૦૦,૦૦૦/- અનવરમહંમદ પાસેથી મેળવી, ફક્ત ૧,૦૦,૦૦૦/- રૂપિયા ભંગારની ઓફીસમાં જમા કરાવી, રૂપિયા ૮,૦૦,૦૦૦/- લઇ જઇ અનવરમહંમદ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.બી.સૈયદ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૧૭૫૫/૧૫**

**નારણપુરા :** વિપુલભાઇ નાગરદાસ શાહ (રહે.અવની કોમ્પલેક્ષ, નારણપુરા ગામ, નારણપુરા) એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૮/૧૫ બપોરનાં ૨/૦૦ થી સાંજનાં ૫/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરનાં દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, દાગીના કિંમત રૂપિયા ૧,૬૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૭૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.કે.વાણીયા ચલાવે છે.

**અમરાઇવાડી :** રીટાબહેન ભાવીનભાઇ રામી (રહે.સાગર એપાર્ટમેન્ટ, હાટકેશ્વર, અમરાઇવાડી) એ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૮/૧૫ નાં કલાક ૯/૦૦ થી ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરનાં દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના-ચાંદીનાં દાગીના કિંમત રૂપિયા ૮૩,૮૦૦/- અને રોકડ રૂપિયા ૧૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૯૮,૮૦૦/- મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જી.એસ.પાટીલ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૧૭૫૬/૧૫**

**શાહિબાગ :** સરદારભાઇ વલ્લાજીભાઇ વણજારા (રહે.એપ્રોચના કાચા છાપરા, કમ્ફર્ટ હોટલની પાછળ, એરપોર્ટ સર્કલની પાસે, શાહીબાગ) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૮/૧૫ બપોરનાં ૩/૩૦ વાગ્યાના સુમારે સરદારભાઇનાં માતા મધુબહેન વલ્લાજી વણજારા (ઉ.વ.૫૦) નાઓ CSD ડેપોથી પુર્વે આર્મી હોસ્પીટલના ગેટ સામેથી ચાલતાં પસાર થઇ રહ્યા હતા ત્યારે ફોર્ડ ફીગો ગાડી નંબર જીજે ૧ કેપી ૩૪૩૬ ના ચાલકે ગાડી પુરઝડપે અને બેદરકારીથી ચલાવી લાવી, મધુબહેનને ટક્કર મારતાં, માથાનાં ભાગે અને શરીરે ગંભીર ઇજાઓ થતાં તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.એલ.ચૌહાણ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)